સને ૨૦૧૯-૨૦
ચાલુ બાબત

રાજ્યમાં ગીર / કાંકરેજ ઓલાદના સંવર્ધન માટે આપવામાં આવેલ સાંઢના નિભાવ તથા ખરીદીની યોજનાના વહીવટી મંજૂરીના ઠરાવની બોલીઓ અને શરતોમાં સુધારા બાબત.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક........
10 FEB 2020
શાખા...... 1106

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:ગવસ/૧૨૨૦૧૯/૧૦૧૧/પી.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૫/૦૨/૨૦૨૦

**વંચાણે લીધા:**

૧. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:ગવસ/૧૨૨૦૧૮/૧૯૮૫/પી.૧, તા.૨૫/૦૭/૨૦૧૯

૨.કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના પત્રક્રમાંક:ગવસ/૧૨૨૦૧૯/૮૧૦/પી.૧, તા.૨૫/૦૭/૨૦૧૯

૩.ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની કચેરીના પત્રક્રમાંક :ગગવબ/હિસા/બજેટ/૪૮૬૪/૧૯, તા.૨૬/૦૮/૨૦૧૯

**આમુખ:-**

વંચાણે લીધા(૧)ના ઠરાવથી આ વિભાગ હેઠળના ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની સહાયકારી યોજનાઓને સને ૨૦૧૯-૨૦માં ચાલુ રાખવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા (૨)ના પત્રથી પશુપાલન નિયામકશ્રીની અધ્યક્ષપણા હેઠળ રચાયેલ કમિટી દ્વારા ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની સહાયકારી યોજનાઓની સમીક્ષા કરી સુચવેલ ભલામણ મુજબ જરૂરી સુધારા-વધારા સાથે દરખાસ્ત કરવા ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની કચેરીને જણાવવામાં આવેલ. તદ્અનુસાર વંચાણે લીધા (૩)ના પત્રથી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની કચેરી દ્વારા રાજ્યમાં ગીર / કાંકરેજ ઓલાદના સંવર્ધન માટે આપવામાં આવેલ સાંઢના નિભાવ તથા ખરીદીની યોજનાની અમલીકરણની બોલીઓ અને શરતોમાં સુધારા કરવા માટે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**-:ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ હસ્તકની રાજ્યમાં ગીર/કાંકરેજ ઓલાદના સંવર્ધન માટે આપવામાં આવેલ સાંઢના નિભાવ તથા ખરીદીની યોજનાને વંચાણે લીધા(૧)ના તા.૨૫/૦૭/૨૦૧૯ના ઠરાવથી સને ૨૦૧૯-૨૦ના વર્ષ માટે કુલ રૂ! ૧૮૦.૦૦ લાખ( અંકે રૂપિયા એક કરોડ એંસી લાખ પુરા)ની જોગવાઈ મુજબ અપાયેલ વહીવટી મંજુરીના ઠરાવની શરતો અને બોલીઓમાં નીચે દર્શાવેલ શરતો અને બોલીઓ મુજબ સુધારો કરી વર્ષ ૨૦૧૯-૨૦માં ચાલુ રાખવાની આથી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે. આ યોજનાનું અમલીકરણ નીચે દર્શાવેલ શરતો અને બોલીઓ મુજબ કરવાનું રહેશે.

**યોજનાનો ઉદ્દેશ:**

ગુજરાત રાજ્યની વિશ્વ વિખ્યાત ગીર અને કાંકરેજ ઓલાદની ગાયોમાં ઉત્તમઓલાદના વાછરડા/ વાછરડી ઉત્પન્ન થાય અને તેના દ્વારા ઓલાદ સુધારણા કરી દૂધ ઉત્પાદનમાં ઉત્તરોત્તર વધારો થાય તે માટે ગાયોના શુધ્ધ સંવર્ધન માટે ઉત્તમ ગુણવત્તાવાળા ગીર/કાંકરેજ ઓલાદના સાંઢ પુરા પાડી તેના દ્વારા ગાયોના સંવર્ધન માટેની યોજના છે.

- **અમલીકરણની બોલીઓ અને શરતો**:

૧. સંવર્ધન યોગ્ય ૧૦૦ ગાયોની સંખ્યા ધરાવતી ગામની ગ્રામ પંચાયત/નોંધાયેલ ગૌશાળા ને વધુમાં વધુ ત્રણ વર્ષ માટે આ યોજનાનો લાભ આપવાનો રહેશે.

૨. એક જ ગામમાં પુરતી સંખ્યામાં સંવર્ધન યોગ્ય ગાયો ન હોય તો આજુબાજુના ગામોની સંવર્ધન યોગ્ય ગાયો હોય તો આજુબાજુના ગામોની સંવર્ધન યોગ્ય ગાયોને આવરી લેવાની રહેશે તેમજ તે અંગેનું બાંહેધરીપત્ર આપવાનું રહેશે.

૩. નવો ખરીદ કરવાનો થતો શુધ્ધ ગીર / કાંકરેજ ઓલાદનો સાંઢ બોર્ડ દ્વારા નિયત થયેલ ત્રણ તાંત્રિક અધિકારીઓની કમિટી દ્વારા પસંદ થયેલો ઉત્તમ આનુવંશીક ગુણવત્તા ધરાવતો તથા ત્રણ વર્ષની ઉંમરનો હોવો જોઈએ. અધિકારીઓની કમિટી દ્વારા ૩ (ત્રણ) વર્ષ ઉપરનો પસંદ થયેલો હોવો જોઈએ.

૪. સાંઢનો ૩ (ત્રણ) વર્ષ સુધી વીમો ઉતરાવવાનો રહેશે.

૫. સહાય માટે પસંદગી પામેલ ગ્રામ પંચાયત/ગૌશાળા એ સાંઢની માવજત જેવીકે રખરખાવ, ખોરાક-પાણી, સારવાર તેમજ રસીકરણ, સંબંધિત તાલુકાના પશુચિકિત્સા અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ કરવાની રહેશે.

૬. દર ૩ (ત્રણ) વર્ષે પસંદગી પામેલ ગામોના સાંઢની અદલા બદલી બોર્ડના સંકલનમાં રહી બોર્ડની સુચના મુજબ કરવાની રહેશે જેથી ઇનબ્રીડીંગ થતું રોકી શકાય.

૭. સંજોગોવશાત સાંઢનું મુત્યુ થાય તો પસંદગી પામેલ ગ્રામ પંચાયતે તાત્કાલિક વીમા કંપનીને જાણ કરી સંબંધિત તાલુકા પશુચિકિત્સા અધિકારી દ્વારા પી.એમ. કરાવી લેવાનું રહેશે તથા મૃત્યુ પામેલ સાંઢના ફોટોગ્રાફ વીમા કંપનીને મોકલી આપવાના રહેશે. વીમા કંપની દ્વારા મંજૂર કરવામાં આવેલ રકમ સરકારશ્રીમાં પરત જમા કરાવવાની રહેશે.

૮. કૃત્રિમ બીજદાનની સગવડ ના ધરાવતા ગામની ગ્રામપંચાયતને સાંઢ પુરા પાડવા પ્રાધાન્ય આપવાનું રહેશે.

૯. સહાય માટે પસંદગી પામેલ સંસ્થાએ સદર સાંઢ દ્વારા લેવામાં આવેલ કુદરતી સેવાનો રેકોર્ડ નિયત નમુનામાં નિભાવવાનો રહેશે અને ત્રિમાસિક રીપોર્ટ ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડને આપવાનો રહેશે.

૧૦. સહાયની ફાળવણી પત્રક - અ અને પત્રક-બ અને પત્રક – ક મુજબ કરવાની રહેશે.

## પત્રક–અ

શુધ્ધ ગીર / કાંકરેજ ઓલાદના ઉત્તમ આનુવંશીક ગુણવત્તા ધરાવતા વાછરડાં ઉછેરવાની યોજના અંતર્ગતના ઉછેર કરેલ ત્રણ વર્ષના સાંઢ બોર્ડ દ્વારા પુરા પાડવાના થાય તેવા કિસ્સામાં સાંઢ નિભાવ માટે મળવાપાત્ર સહાય

### (પ્રથમ વર્ષ માટે)

| અ.નં. | વિગત | રકમ રૂ! |
|---|---|---|
| ૧ | સાંઢ પરિવહન ખર્ચ રૂા. ૨૫ કિ.મી. દિઠ અથવા વધુમાં વધુ રૂ! ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| ૨ | સાંઢ નિભાવ માટે ખાણ-દાણ/ઘાસચારા માટે દૈનિક રૂ! ૧૨૦.૦૦ પ્રમાણે (પ્રથમ વર્ષે છ માસના) | ૨૧૬૦૦.૦૦ |
| ૩ | સાંઢની સાર-સંભાળ માટે રાખવામાં આવેલ ગોવાળ (માણસ)ના માસિક રૂ! ૧૫૦૦.૦૦ પ્રમાણે (પ્રથમ વર્ષે છ માસના) | ૯૦૦૦.૦૦ |
| ૪ | સાંઢનો ત્રણ વર્ષના વીમા ૬% પ્રમાણે પ્રિમિયમના | ૫૪૦૦.૦૦ |
| ૫ | સાંઢ માટે દવા,સાધન-સામગ્રી તથા અન્ય ખર્ચ પેટે વાર્ષિક રૂ! ૩૦૦૦.૦૦ પ્રમાણે. (પ્રથમ વર્ષે છ માસના) | ૧૫૦૦.૦૦ |
| ૬ | સાંઢ માટે નંદીઘર બનાવવા માટે થયેલ ખર્ચના ૫૦% અથવા વધુમાં વધુ રૂ! ૭૫૫૦૦.૦૦ | ૭૫૫૦૦.૦૦ |
| | એક સાંઢ માટે કુલ રૂ! | **૧૧૮૦૦૦.૦૦** |